**મહીસાગર નદીના પટમાં માફિયારાજ | ચીતલાવમાં 200 ફૂટ ઊંડી ભેખડોનું ખનન**

## ઠાસરાની નદીમાં ગેરકાયદે 'પૂલ' બનાવ્યો

**ખનીજ વિભાગ** ત્રાટકતા રેતી ચોરોમાં ફફડાટ, અગાઉ તોડી પાડેલો બ્રિજ ફરી જીવંત કરી તંત્રને પડકાર્યો



(પ્રતિનિધિ) નડિયાદ તા.21

મહીસાગર નદીના કિનારે લાંબા સમયથી ચાલતા ખનીજ ચોરીના કાળા કારોબાર પર આખરે ખાણ ખનીજ વિભાગે લાલ આંખ કરી છે. ઠાસરા તાલુકાના ચીતલાવ અને જેસાપુરા વિસ્તારમાં મધરાતે ત્રાટકેલી ટીમે કુદરતી સંપત્તિનું નિકંદન કાઢતા માફિયાઓના મસમોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. કાયદાના લીરેલીરા ઉડાડતા ખનન માફિયાઓએ તંત્રને સીધો પડકાર ફેંકતા ખેડા જિલ્લાના ઠાસરાથી વડોદરાના સાવલીને જોડતો એક ગેરકાયદેસર કાચો બ્રિજ બનાવી દીધો હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી છે.

ખાણ ખનીજ વિભાગની ટીમે જ્યારે ચીતલાવ અને આસપાસના વિસ્તારોમાં દરોડો પાડ્યો ત્યારે રેતી માફિયાઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. માફિયાઓ નદીના કોતરો અને ગુપ્ત માર્ગોનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, પરંતુ તંત્રની આ આક્રમક કામગીરીથી ગેરકાયદે ખનન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અગાઉ અકલાચા ગામે તંત્ર દ્વારા તોડી પાડવામાં આવેલો બ્રિજ માફિયાઓએ ફરીથી કાર્યરત કરી દઈને સાબિત કર્યું છે કે તેઓને કાયદાનો કોઈ ડર રહ્યો નથી.

રેતી માફિયાઓએ નદીના પટમાં 200 ફૂટ જેટલી ઊંડી ભેખડો ખોદી નાખી કુદરતી સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું છે. મહીસાગર નદીના કુદરતી વહેણને અવરોધીને બનાવાયેલા આ ગેરકાયદે પુલ પરથી રાત-દિવસ સેંકડો ડમ્પર પસાર થઈ રહ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે, ભૂતકાળમાં અનેકવાર દરોડા પડ્યા હોવા છતાં થોડા સમયમાં માફિયાઓ ફરી સક્રિય થઈ જાય છે, જે તંત્રની રહેમનજર હેઠળ ચાલતો ખેલ હોવાની આશંકા જન્માવે છે.

### આંતર જિલ્લા સ્તરે ફેલાયેલું રોયલ્ટી ચોરીનું જાળ

માફિયાઓએ જેસાપુરાથી સાવલી સુધી નદીમાં જે પુલ બનાવ્યો છે તે માત્ર હેરફેર માટે નથી, પરંતુ ખેડા અને વડોદરા જિલ્લા વચ્ચે રોયલ્ટી ચોરી કરવાનું એક વ્યવસ્થિત કાવતરું છે. મુખ્ય માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરા અને વજનકાંટાથી બચવા માટે આ ખાનગી રસ્તો ઊભો કરાયો છે, જેના કારણે સરકારની તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

### ખેડૂતોની જમીન નદીમાં ગરકાવ થવાની ભીતિ

ચીતલાવ ગામની સીમમાં રેતી કાઢવા માટે 200 ફૂટ ઊંડા ખાડા કરવામાં આવતા નદી કિનારાના ખેતરો ધોવાઈ જવાનો ભય ઊભો થયો છે. માફિયાઓના આ સરેઆમ ખોદકામને કારણે ખેડૂતોની કિંમતી જમીન નદીમાં ગરકાવ થઈ રહી છે. મોડી રાત્રે ચાલતા આ ઓપરેશનને રોકવા માટે તંત્ર પાસે પૂરતા સાધનોનો અભાવ પણ એક ચર્ચાનો વિષય બન્યો છે.

## આંકલાવ : મુખ્ય શાકમાર્કેટમાં આગ ભડકતા ભારે નુકસાન

**શોર્ટ સર્કિટના** કારણે લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું



(પ્રતિનિધિ) આંકલાવ તા 21

આંકલાવ નગરપાલિકાની બાજુમાં આવેલી મુખ્ય શાકમાર્કેટમાં શુક્રવારે મોડી રાત્રે એકાએક જ આગ ફાટી નીકળી હતી. આગ બનાવ અંગે મળતી માહિતી મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. જોકે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. આ ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભય અને ગભરાટ વ્યાપી ગયો હતો.

આગની જાણ થતા જ આંકલાવ નગરપાલિકાના કારોબારી ચેરમેન વિશાલ પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે પરિસ્થિતિની ગંભીરતા સમજી જાતે પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાનું કાર્ય કર્યું હતું. લોકપ્રતિનિધિને કાર્ય કરતા જોઈ સ્થાનિક લોકો પણ મદદ માટે જોડાયા હતા. વિશાલ પટેલ અને તેમની ટીમના સઘન પ્રયાસો બાદ આખરે આગ પર કાબૂ મેળવી શકાયો હતો. સમયસરની કામગીરીને કારણે આગ વધુ ફેલાતી અટકી હતી. આથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### વટાદરા રોકડીયા હનુમાનજીને ફરસાણનો શણગાર



ખંભાત તાલુકાના વટાદરા ગામના રોકડીયા હનુમાન મઢી ખાતે દરરોજ વિશેષ શણગાર કરવામાં આવે છે. ત્યારે શનિવારે સવારે રોકડીયા હનુમાન દાદાના ફરસાણ સહિત વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓનો અનોખો શણગાર કરવામાં આવ્યો હતો. હનુમાન દાદાની મઢી તરીકે પ્રચલિત દેવ સ્થાનક પર અવનવા શણગાર સાથે દાદાના દર્શનનો લ્હાવો મેળવવા માટે ભક્તોની લાંબી કતાર લાગી જાય છે અને ભક્તિનો મહિમા સમજી ધર્મલાભ મેળવી ધન્યતા અનુભવે છે. વટાદરા રોકડીયા હનુમાન મઢી ખાતે પહોંચી સૌ કોઈ પોતાની માનતા પૂર્ણ કરી જીવનનું કલ્યાણ થયાની પ્રતિતિ કરે છે.

**ગૂગલ મેપના ભરોસે હાઈવે છોડી સાંકડા વળાંક પર ટ્રક ચડી ગઇ**

## નડિયાદની ગલીઓમાં ઘૂસેલી ટ્રકે મકાન અને રિક્ષાને અડફેટે લીધા

**સામેથી આવતી બસને** જગ્યા આપવા જતાં ટ્રક ચાલકે કાબૂ ગુમાવ્યો




(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદ શહેરના ચકલાસી ભાગોળ વિસ્તારમાં મોડી રાત્રિના સમયે એક મોટી ટ્રકે વળાંક લેતી વખતે રોડ સાઈડમાં આવેલા ઘર અને રિક્ષાને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. ગૂગલ મેપના ભરોસે હાઈવે છોડીને શહેરના સાંકડા માર્ગો પર આવી ચઢેલા ટ્રક ચાલકે સાંકડા વળાંક પર કાબૂ ગુમાવતા આ બનાવ બન્યો હતો. રાત્રિનો સમય હોવાથી મોટી જાનહાનિ ટળી હતી પરંતુ મકાન અને પાર્ક કરેલી રિક્ષાને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું.

બેંગલોરથી અમદાવાદ તરફ ટ્રેક્ટરો ભરીને જતી એક વિશાળ ટ્રકનો ચાલક રણજિતસિંહ નેશનલ હાઈવેના બદલે ગૂગલ મેપના રસ્તે નડિયાદના આંતરિક માર્ગો પર આવી ચઢ્યો હતો. ચકલાસી ભાગોળ પાસે સાંકડા રસ્તા પર સામેથી આવતી બસને જગ્યા આપવા જતાં ટ્રકનો વળાંક નાનો પડ્યો હતો અને તે સીધી રોડની બાજુમાં આવેલા મકાન સાથે અથડાઈ હતી. આ ધડાકાને પગલે સ્થાનિક રહીશો જાગી ગયા હતા અને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ બનાવની જાણ થતા નડિયાદ પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને ટ્રક ચાલકની અટકાયત કરી હતી. ચાલકે પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તે અજાણ્યો હોવાથી ગૂગલ મેપના આધારે અહીં આવી ગયો હતો અને વળાંક લેવામાં ભૂલ થઈ હતી. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના શહેરભરમાં ચર્ચાનો વિષય બની હતી.

## નડિયાદના અરેરા નજીક કાર ટક્કરે મહિલાનું મોત

**અકસ્માત સર્જી** માનવતા નેવે મૂકી ચાલક વાહન સાથે નાસી છૂટ્યો.

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદના અરેરા ઈન્દીરાનગરી પાસે હિટ એન્ડ રનમાં સફેદ રંગની ઈક્કો ગાડીએ મહિલાને જોરદાર ટક્કર મારતા તેમનું મોત નીપજ્યું હતું.

અરેરા ઈન્દીરાનગરીમાં રહેતા લલીતાબેન મહેશભાઈ ડાભી સવારના સમયે કુદરતી હાજતે જવા માટે રોડની સાઈડમાંથી પસાર થતાં હતાં. તે દરમિયાન અંધજ રોડ પરથી પૂરઝડપે અને ગફલતભરી રીતે પસાર થતી અજાણી ઈક્કો ગાડીના ચાલકે લલીતાબેનને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં લલીતાબેન રોડ પર પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ મૃતકના પતિ મહેશભાઈ ખેતરમાં મજૂરીએ જવાની તૈયારી કરી રહ્યા હતા, પરંતુ પત્ની લાંબા સમય સુધી ઘરે પરત ન ફરતા તેઓ શોધવા નીકળ્યા હતા. રોડ પર પત્નીને લોહીલુહાણ હાલતમાં જોઈ તેમણે 108 એમ્બ્યુલન્સની મદદથી લલીતાબેનને તાત્કાલિક નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડ્યાં હતાં. જ્યાં હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે નડિયાદ રૂરલ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે અરેરા અને તેની આસપાસના માર્ગો પર લાગેલા સીસીટીવી ફૂટેજ ચકાસીને નાસી છૂટેલા ઈક્કો ચાલકની ઓળખ મેળવવા અને તેને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**ડાકોર પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે કવાંટથી દબોચી લીધો**

## ઠાસરામાં વિદ્યાર્થિની પર દુષ્કર્મ ગુજારનારો લંપટ શિક્ષક પકડાયો

**શિક્ષકે સગીરાને** મોબાઈલ આપી સંપર્કમાં રહેવા દબાણ કરી બિભત્સ ફોટાની માંગણી કરી હતી



(પ્રતિનિધિ) નડિયાદ તા.21

ઠાસરા તાલુકાના ચિતલાવ ગામે શિક્ષણ જગતને શર્મસાર કરતી એક ઘટના પ્રકાશમાં આવી છે. ચિતલાવ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યા સહાયક શૈલેષ રાઠવાએ ધોરણ 9માં અભ્યાસ કરતી એક સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી હોવાની ફરિયાદ નોંધાતા ડાકોર પોલીસે આરોપી શિક્ષકની છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ગામેથી ધરપકડ કરી છે.

ઠાસરા તાલુકાના ચિતલાવ પ્રાથમિક શાળામાં 8 ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થિનીને તેના પરિવારે આગળના અભ્યાસ માટે ગામની બહાર મોકલી હતી. જોકે, લંપટ શિક્ષક શૈલેષ રાઠવાએ દીકરીનો પીછો છોડ્યો ન હતો અને સતત તેની પાછળ પડ્યો હતો. ગત જુલાઈ 2024માં આ શિક્ષકે સગીરા પર દુષ્કર્મ ગુજાર્યું હોવાનું બહાર આવ્યું છે.

પ્રાથમિક તપાસમાં શિક્ષકે વિદ્યાર્થિનીને પોતાના સંપર્કમાં રાખવા માટે મોબાઈલ ફોન પણ લઈ આપ્યો હતો. આ ફોન દ્વારા તે વિદ્યાર્થિનીને અવારનવાર હેરાન કરતો હતો અને તેની પાસે બિભત્સ ફોટાની માંગણી કરતો હતો. શિક્ષકની આ હરકતો અને ફોટા મંગાવવાની બાબત પરિવારના ધ્યાને આવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

આખરે પરિવાર દ્વારા ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી ડાકોર પોલીસે આરોપી શૈલેષ રાઠવાને કવાંટથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બોરસદ : ઉમલાવમાં સેવા સેતુ કાર્યક્રમમાં યોજાયો

**મોટી સંખ્યામાં** નાગરિકોએ હાજર રહી વિવિધ સેવાઓનો લાભ લીધો

(પ્રતિનિધિ) બોરસદ તા 21

બોરસદ તાલુકાના ઉમલાવ ગામે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ નાગરિકોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવાનો અને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો હતો.

આ કાર્યક્રમનો શુભારંભ રાજ્યના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીના હસ્તે થયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મિહિરભાઈ પટેલ, પ્રાંત અધિકારી અમિતભાઈ, મામલતદાર મયુરભાઈ, APMC ના વાઈસ ચેરમેન યોગેશભાઈ, ડિરેક્ટર હિતેષભાઈ, કિસાન મોરચા પ્રમુખ દત્તેશભાઈ અને સરપંચ દિવ્યેશભાઈ સહિતના આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન જમીનના રેકોર્ડમાં ક્ષતિ સુધારણા, વારસાઈ નોંધ દાખલ કરવાની પ્રક્રિયા, સમાજ સુરક્ષા યોજનાઓ અંગે માર્ગદર્શન અને નોંધણી જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

રેશનકાર્ડમાં સુધારા-વધારા અને e-KYC, પ્રધાનમંત્રી કિસાન યોજના માટે e-KYC તેમજ ફાર્મર રજીસ્ટ્રેશન જેવી સેવાઓ પણ સ્થળ પર જ ઉપલબ્ધ કરાઈ હતી. વિવિધ વિભાગોના અધિકારીઓએ ત્વરિત કામગીરી હાથ ધરી હતી.

**આણંદ જિલ્લા સંકલન બેઠકમાં જનપ્રતિનિધિની નિરસતા દેખાઇ ?**

## આણંદ જિ.ની સંકલનમાં માત્ર ખંભાતના MLA હાજર રહ્યાં !

**જિલ્લા વિકાસ** અધિકારીના અધ્યક્ષ સ્થાને પ્રશ્નોની ચર્ચા કરાઇ



(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના તમામ જનપ્રતિનિધિઓ પૈકી માત્ર ખંભાતના ધારાસભ્ય ચિરાગભાઈ પટેલ અને જિલ્લા પંચાયત પ્રમુખ જ હાજર રહ્યાં હતાં.

આ બેઠક દરમિયાન ધારાસભ્ય દ્વારા રજૂ કરવામાં આવેલા મધ્ય ગુજરાત વીજ કંપની, માર્ગ અને મકાન, પાણી પુરવઠા, આંગણવાડી અને શિક્ષણ સહિતના વિવિધ વિભાગોને લગતી પ્રજાલક્ષી બાબતો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ નાગરિકોના હિતને સ્પર્શતા પ્રશ્નો, જેમ કે પડતર અરજીઓનો નિકાલ અને જર્જરિત પાણીની ટાંકીઓ કે શાળાના ઓરડાઓ ઉતારી લેવા જેવી બાબતોમાં સકારાત્મક અભિગમ દાખવી ઝડપી કાર્યવાહી કરવા અધિકારીને કડક સૂચના આપી હતી.

આણંદ જિલ્લા સંકલન સમિતિની આ બેઠકમાં જિલ્લાના અન્ય ધારાસભ્યોની ગેરહાજરી વચ્ચે માત્ર ખંભાતના ધારાસભ્ય ચિરાગભાઈ પટેલ જ હાજર રહ્યા હતા. જોકે, આ બેઠકમાં તેમની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## નડિયાદમાં 76 વર્ષીય વૃદ્ધાના પરિવારે માનવતા મહેકાવી દેહદાન કર્યું

**નડિયાદની ડો.** એન.ડી.દેસાઈ મેડિકલ કોલેજને 23મું દેહદાન મળ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદ સ્થિત ડો. એન.ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચમાં અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થીઓના શૈક્ષણિક હેતુ માટે ભાવનગરના 76 વર્ષીય વૃદ્ધાના દેહનું દાન કરવામાં આવ્યું છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગરના સૌજન્યથી પ્રાપ્ત થયેલું આ સંસ્થાનું 23મું દેહદાન છે.

ભાવનગરના રહેવાસી 76 વર્ષીય કમુબહેન મોહનભાઈ વાસાણીના અવસાન બાદ તેમના પૌત્રી દિવ્યાબેન વાસાણી દ્વારા દેહદાનનો ઉમદા નિર્ણય લેવામાં આવ્યો હતો. તબીબી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ મૃત માનવદેહનું 'ડીસેકશન' કરી શરીર રચનાનો પ્રાયોગિક અભ્યાસ કરી શકે તે હેતુથી આ દેહ મેડિકલ કોલેજના એનાટોમી વિભાગને સોંપવામાં આવ્યો છે.

આ અંગે સંસ્થાના મતે, અગ્નિ સંસ્કાર પછી શરીર રાખ થઈ જાય તેના કરતા જો તેનો ઉપયોગ માનવજાતના કલ્યાણ અને તબીબી સંશોધન માટે થાય તો તે શ્રેષ્ઠ દાન છે. ઉચ્ચ તબીબી અભ્યાસ અને ગુણવત્તાસભર સંશોધન સમાજને નિરંતર મળતું રહે તે હેતુથી આ મેડિકલ સંસ્થા 24 કલાક દેહદાન સ્વીકારે છે.

આ સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે કે, નાગરિકો પોતાના સ્વજનોના મૃત્યુ બાદ દેહદાન માટે પ્રેરાય જેથી ભાવિ ડોક્ટરો તૈયાર કરવામાં મદદ મળી રહે. કોઈ પણ વ્યક્તિ દેહદાનનો સંકલ્પ કરવા ઈચ્છતી હોય તો સંસ્થાના એનાટોમી વિભાગમાં 'સંકલ્પ પત્ર' ભરી નોંધણી કરાવી શકે છે. વધુ માહિતી માટે સંસ્થાના હેલ્પલાઈન નંબર 99794 05250 પર સંપર્ક કરી શકાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ સંસ્થા દ્વારા દેહદાન અંગે જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેના પગલે દેહદાન માટે લોકો આગળ આવી રહ્યાં છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225